FATHERHOOD
INSTITUTE

પિતાઓ મહત્ત્વના છે.

અમારે પિતાઓની વાત શા માટે સાંભળવાની જરૂર છે

જનરેશન ન્યુ એરા એક મોટો નવો અભ્યાસ છે જે આખાએ યુકેના હજારો બાળકોને તેઓ મોટા થઈ રહ્યાં હોય તે દરમિયાન ફૉલો કરે છે. તેમની જિંદગીઓને પૂર્ણપણે સમજવા માટે, અમારે *બધાં* માતા-પિતાને સામેલ કરવાની જરૂર છે – ***બધા* પિતાઓ સહિત.**

તમે તમારા બાળકની જિંદગીમાં જે પણ ભૂમિકા નિભાવતા હો– **અમે તમારી પાસેથી તમારી વાત સાંભળવા માંગીએ છીએ.**

તમારી વાત સંભળાવવાની તક

અનેક પિતાઓ અમને કહે છે કે તેમને પિતા હોવાના તેમના અનુભવ વિશે ભાગ્યે જ પૂછવામાં આવે છે. આ અભ્યાસ તમને તમારો અનુભવ શેર કરવાની તક આપે છે.

દરેક પિતાની કહાણી અલગ હોય છે. તમારા અનુભવો, પડકારો, સંબંધ અને તમારા બાળક સાથે વિતાવેલો સમય, બધું જ મહત્ત્વનું છે. તમારા જેવા પિતાઓ પાસેથી સાંભળીને અમે એ વાતને વધુ સારી રીતે સમજી શકીશું કે બાળકો અને પિતાઓને શેની જરૂર છે, અને તેમને શ્રેષ્ઠ રીતે કઈ રીતે મદદ કરી શકાય.

"હું 'અભ્યાસમાંના' પિતા થઈને ગર્વ જ અનુભવું છું. હું એવી પહેલનો ભાગ રહ્યો છું જેણે વિશ્વભરના વૈજ્ઞાનિકોને એવી શોધો કરવામાં મદદ કરી છે, જે આજે આપણા જીવન પર ખરેખર અસર કરે છે" ચિલ્ડ્રન ઑફ ધ 90s અભ્યાસમાં ભાગ લેનાર પિતા.

24-030189-01/M-F1 (Gujarati)

FATHERHOOD
INSTITUTE

પિતાઓ સાથેના સંશોધનથી પહેલેથી જ આ બાબતોમાં મદદ મળી છે:

- પિતાઓના માનસિક આરોગ્ય માટેની સહાયમાં સુધારો કરવામાં
- શિશુઓ માટે સુરક્ષિત ઊંઘ માટે વધુ સારી સલાહ પૂરી પાડવી
- હેલ્થ વિઝિટરો અને સ્કૂલોને પિતાઓનો સમાવેશ કરવા માટે પ્રોત્સાહન આપવું
- બે અઠવાડિયાની સવેતન પિતૃત્વ રજા અથવા પેટર્નિટી લીવ સહિતની સરકારી નીતિઓ ઘડવામાં.

ભાગ લેવા માટે આભાર તરીકે એક વાઉચર મેળવો

બાળકો માટે બહેતર ભવિષ્યને આકાર આપવામાં મદદરૂપ થાઓ

તમે અમને જે જણાવશો તેનાથી આ બાબતોમાં સુધારો કરવામાં મદદ મળશે:

- બાળકોનું આરોગ્ય અને વિકાસ
- પિતાઓ માટે સહાય
- પરિવારો માટે સેવાઓ

તમને અનુકૂળ હોય તે રીતે ભાગ લો

તમારા માટે યોગ્ય હોય તે પસંદ કરો, દિવસ કે સાંજ. સપ્તાહનો દિવસ કે વીકએન્ડ. ઑનલાઇન, ફોન દ્વારા કે પછી કોઈ ઇન્ટરવ્યુઅર સાથે. અમે તમારા શેડ્યુલને અનુકૂળ હોય તે રીતે કામ કરીશું.

FATHERHOOD
INSTITUTE

તમારી માહિતી ખાનગી અને સુરક્ષિત છે

તમે શેર કરો છો તે દરેક વસ્તુ **ખાનગી રાખવામાં આવે છે** અને **તેનો ઉપયોગ ફક્ત સંશોધન માટે કરવામાં આવે છે**. તમે કહો તે કોઈપણ વાતને તમારા શિશુના અન્ય માતા-પિતા સાથે શેર કરવામાં આવતું નથી. વધુ જાણો: gnestudy.info/privacy

પરિવર્તન લાવી રહેલા હજારો પિતાઓ સાથે જોડાવ. જનરેશન ન્યુ એરાનો ભાગ બનો

અભ્યાસ માટે પિતાઓ શા માટે મહત્ત્વપૂર્ણ છે તે જાણવા માટે સ્કેન કરો:

24-030189-01/M-F1 (Gujarati)